તા. ૨૨/૧૨/૨૦૨૪
દિવ્ય ભાસ્કર
પાના નં. ૨

**ભાસ્કર વિશેષ** • 6 મહિના સુધી કોઈ ક્લેઈમ ના કરે તો ભેગી થયેલી વસ્તુઓની હરાજી કરાય છે

# છેલ્લા 6 મહિનામાં મેટ્રોમાં મુસાફરી દરમિયાન પેસેન્જર મોબાઈલ, પૈસા, પાકિટ, ટિફિન સહિત 110 વધુ ભૂલી ગયાં

**ઓમકારસિંહ ઠાકુર** | અમદાવાદ

મેટ્રોમાં મુસાફરી દરમિયાન કેટલીક વખત પેસેન્જર ઉતાવળમાં કે કીમતી વસ્તુઓ ભૂલી જતા હોય છે. જૂનથી નવેમ્બર દરમિયાન પેસેન્જર મોબાઈલ, પૈસા, ટિફિન બોક્સ, વીંટી, આધાર કાર્ડ સહિત 110થી વધુ વસ્તુ ભૂલી ગયા છે. ટ્રેનમાં કે સ્ટેશન પરિસરમાંથી મળેલી આવી તમામ વસ્તુઓ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનના અધિકારીઓ દ્વારા મેળવી તેને લોસ્ટ ઓન્ડ ફાઉન્ડ વિભાગમાં જમા કરાવવામાં આવે છે.

આ અંગે જીએમઆરસીના અધિકારીએ જણાવ્યું કે, કોઈ પણ પેસેન્જર પોતાની વસ્તુ મેળવવા માટે જે તે સ્ટેશન પર અથવા મેઈલ દ્વારા કે જીએમઆરસીના કસ્ટમર કેર નંબર પર ફોન કરી પોતાનું નામ, સરનામુ, કોન્ટેક્ટ નંબર અને ખોવાયેલી વસ્તુ અંગે જાણ કરી શકે છે. તેથી વસ્તુ ક્યાં રાખવામાં આવી છે તેની જાણ થતા વ્યક્તિ ત્યાં પહોંચી પોતાનું આઈડી પ્રૂફ અને વસ્તુની વિગત આપી વસ્તુ પાછી મેળવી શકે છે. વધુમાં જો કોઈ વસ્તુ માટે 6 મહિના સુધી કોઈ વ્યક્તિ દ્વારા ક્લેઈમ કરવામાં ન આવે તો ભેગી થયેલી વસ્તુઓને વેલ્યુએબલ અને નોનવેલ્યુએબલ વસ્તુમાં અલગ અલગ વિભાજિત કરી તેની હરાજી કરાય છે.

## ટોપી, ચાવી પણ ભૂલી જાય છે

સ્કૂલ બેગ, હેન્ડ બેગ, વોલેટ, પૈસા, ચાવી, કમર બેંડ, ટિફિન બોક્સ, એનસીએમસી કાર્ડ, બ્રેસલેટ (કંગન), ટોપી, ડ્રાઈવિંગ લાઈસન્સ, દસ્તાવેજો સાથેની બેગ, બ્લેઝર, ઝાંઝરી, ડેબિટ-ક્રેડિટ કાર્ડ, આધાર કાર્ડ, કપડા સાથેની થેલી, મોબાઈલ, ચાર્જર, પાણીની બોટલ, રિંગ (અંગુઠી), હેલમેટ, છત્રી, ઈયરફોન, ઘડિયાળ, રેઈનકોટ, વાહન કે ઘરની ચાવી, ચશ્મા સહિત અન્ય વસ્તુઓનો સમાવેશ થાય છે.